અરવલ્લીમાં બીક વગર બાયોડીઝલનો કારોબાર

વડાગામની ૨ ક્વોરીમાંથી ૨.૯૪ લાખનું બાયોડીઝલ ઝડપાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

અરવલ્લી જિલ્લામાં બીક વગર બાયોડીઝલનો કાળો કારોબાર ધમધમવા લાગ્યો છે. બાયોડીઝલના ગેરકાયદેસર સંગ્રહ અને વેચાણ સામે કાયદેસરની કાર્યવાહી કરવાના ઉચ્ચ કક્ષાએથી આદેશ અપાતાં ધનસુરા પોલીસે વડાગામની ચામુંડા અને પારસમણી ક્વોરીમાં છાપો મારી બંન્ને સ્થળેથી રૂા.૨,૯૪,૦૦૦નો બાયોડીઝલનો ગેરકાયદે જથ્થો જપ્ત કર્યો છે. અન્ય લોકોનું જીવન જોખમાય તે રીતે જવલનશીલ પ્રવાહી મંજૂરી વગર ક્વોરીમાં રાખવામાં આવ્યું હોવાથી પોલીસ દ્વારા ૬ જણ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

રાજ્ય સરકાર અને ગાંધીનગર ડી.જી.પી. દ્વારા બાયોડીઝલના ગેરકાયદેસર થતા કાળા કારોબારને રોકવા માટે કડક સૂચનાઓ આપવામાં આવતાં પોલીસ તંત્ર દ્વારા બાયોડીઝલનો જથ્થો જપ્ત કરવા માટે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યા પછી એક પછી એક સ્થળેથી બાયોડીઝલનો ગેરકાયદેસર વેપલો ઉજાગર થઈ રહ્યો છે. ધનસુરા પોલીસે તા.૧૯ના રોજ ઉચ્ચ કક્ષાએથી અપાયેલા આદેશ અનુસાર બાયોડીઝલનો સંગ્રહ તેમજ વેચાણની ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા માટે વડાગામની ચામુંડા ક્વોરીમાં ઓચિંતિ તપાસ કરી હતી જેમાં કોઈપણ પ્રકારની મંજૂરી વગર રૂા.૨,૪૦,૦૦૦ની કિંમતનો ૪૦૦૦ લીટર બાયોડીઝલનો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે આજ વિસ્તારમાં આવેલી પારસમણી ક્વોરીમાં પણ પોલીસની તપાસ દરમ્યાન રૂા.૫૪,૦૦૦ની કિંમતનું ૯૦૦ લીટર બાયોડીઝલ ગેરકાયદેસર રીતે રાખવામાં આવ્યું હોવાથી ક્વોરીના સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરાઈ છે. છેલ્લા કેટલાય સમયથી જિલ્લામાં ડીઝલના ભાવ વધારા પછી બાયોડીઝલનું મોટાપાયે ગેરકાયદેસર વેચાણ થઈ રહ્યું છે. થોડાક સમય અગાઉ ધનસુરા નજીકની એક હોટલના કમ્પાઉન્ડમાંથી પોલીસે અન્ય વાહનમાં બાયોડીઝલ ભરવામાં આવતું હતું તે સમયે છાપો મારી બાયોડીઝલનું રેકેટ ઝડપ્યા પછી હવે ક્વોરીઓમાંથી બાયોડીઝલનો જથ્થો ઝડપાયો છે. ક્વોરીના વાહનોમાં ડીઝલના બદલે બાયોડીઝલનો ઉપયોગ કરવામાં આવતો હોવાની આશંકાના પગલે ધનસુરા પોલીસે કુલ-૬ જણ સામે ગુનો નોંધ્યો છે.

આરોપી..

કરણ સુરેશભાઈ પટેલ
નરેન્દ્રભાઈ કાશીરામ પટેલ
પ્રવિણ કેશવલાલ પટેલ
(ત્રણેય રહે.ચામુંડા ક્વોરી, વડાગામ)
ધવલ ઉર્ફે મેહૂલ,
રહે.અમદાવાદ
ઈશ્વર નારાયણભાઈ પટેલ
પારસમણી ક્વોરી, રહે.
વ્રજપુરાકંપા, તા.ધનસુરા
બાયોડીઝલ લાવનાર ઈસમ

પોલીસની કામગીરી શંકાસ્પદ

બાયડ ગામના યુવાનોને ખોટા કેસમાં ફીટ કરવાની પેરવીઓ શરૂ

રાજકીય કિન્નાખોરી : બાયડ ગામના યુવાનો ગૃહમંત્રીને રજુઆત કરશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

બાયડ ગામના યુવાનોને ખોટા કેસમાં ફીટ કરવાની એક પછી એક ૩ સાજીશ કરાતાં ગામના યુવાનોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ ત્યારથી અત્યાર સુધીના છેલ્લા ૪ મહિનામાં પોલીસની કામગીરી શંકાસ્પદ હોવાના આરોપ લાગ્યા છે. રાજકીય કિન્નાખોરીથી બાયડ ગામના ચોક્કસ કુટુંબના યુવાનો સામે ખોટા કેસ કરવાની પેરવી ચાલતી હોવાથી યુવાનો ગાંધીનગરમાં જઈ ગૃહમંત્રીને રજુઆત કરનાર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ પાલિકામાં ભાજપનું શાસન આવ્યું હોય તે ખાખી વર્દીને ગમ્યું ન હોય તેવી સર્વસામાન્ય છાપ ઉપસી છે. અગાઉ બાયડ ગામના યુવાનને બાઈક અથડાવવાના મુદ્દે જાણે કે મોટો રીઢો ગુનેગાર હોય તે રીતે પોલીસે તપાસ હાથ ધરી હતી. જ્યારે અન્ય સામાવાળા આરોપીને પોલીસે છાવરતાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા અને મોંડી રાત્રે યુવાનોનાં ટોળાં પોલીસ સ્ટેશનમાં ઘસી આવ્યાં હતાં આ બનાવ પછી ફરી એકવાર બાયડના યુવાનને છેડતીના કેસમાં ફીટ કરવાની સાજીશ થઈ રહી છે. ફરિયાદ પછી પોલીસે હોટલના કર્મચારીઓના નિવેદન તેમજ સી.સી.ટીવી કેમેરાના ફૂટેજ ચકાસ્યા હશે પરંતુ ત્યાંથી પોલીસે શું વિગતો મેળવી..?? તે હજુ બહાર આવ્યું નથી પરંતુ એક પછી એક બાયડ ગામના જ ૩ યુવાનોને રાજકીય કિન્નાખોરીથી ખોટા કેસમાં ફસાવી જેલમાં ધકેલવાની સાજીશો શરૂ થતાં બાયડ ગામના યુવાનોએ આ મુદ્દે સોશ્યલ મીડીયામાં પણ ભરપૂર આક્રોશ વ્યક્ત કરી તેમને સખણા રહેવા ચેતવણી આપી છે અને જો આવી સાજીશ વારંવાર ચાલુ રહેશે તો બાયડ ગામના યુવાનો ન છૂટકે ઉગ્ર જંગ શરૂ કરશે. છેલ્લા ૬ મહિનાથી બાયડ ટાઉન બીટના કર્મચારીઓની કામગીરી પણ ચર્ચામાં રહી છે. બાયડ ગામના યુવાનોએ જણાવ્યું છે કે રાજકીય કિન્નાખોરીની પણ હદ હોય હવે જો ખોટી રીતે યુવાનોને ફસાવવાનો પ્રયાસ થશે તો આ અંગે ગામના લોકો પોલીસ સામે જંગ પણ છેડી શકે છે તેમજ આવતા સપ્તાહે આ અંગે ગૃહમંત્રીને મળીને કેટલાક પોલીસ કર્મચારીઓ અને થાણા અમલદારની કામગીરી અંગે લેખિત રજૂઆત કરશે તેમ જાણવા મળ્યું છે.

મોડાસા-વડોદરા એક્સપ્રેસ એસ.ટી. બસ રસ્તામાં ખોટકાઈ

એસ.ટી. ડેપોમાંથી ઉપડેલી બસ ૭ કી.મી. જતાં હાંફી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

મોડાસા એસ.ટી. ડેપો દ્વારા સવારે કાયમી રૂટ ઉપર દોડતી મોડાસા-વડોદરા એક્સપ્રેસ મીની બસ રસ્તામાં ગત રોજ ખોટકાતાં દૂરના મુસાફરો અટવાયાં હતાં. ડેપોમાં લાંબા રૂટ ઉપર જતી એસ.ટી. બસના મેન્ટેનન્સમાં વર્કશોપના કર્મચારીઓ ધુપ્પલ ચલાવતા હોય તેમ માંડ ૭ કી.મી. દૂર જઈ એસ.ટી. હાંફી જતાં મુસાફરોને અન્ય એસ.ટી. બસમાં બેસવાનો વારો આવ્યો હતો.

સલામત સવારી, એસ.ટી. અમારી..રસ્તામાં ક્યારે ખોટકાય તેનું કશું ઠેકાણું હોતું નથી. લાંબા અંતરની એસ.ટી. બસનું નિયમિત મેન્ટેનન્સ થવું જોઈએ પરંતુ વર્કશોપમાં કોઈ ધ્યાન રાખનારૂ ન હોવાથી એસ.ટી. બસના સ્ટીયરીંગ ખૂલી જવાં, વ્હીલના બોલ્ટ જુદા થઈ જવા, જોઈન્ટ તૂટવા સહિતની ઘટનાઓ અવાર નવાર બનતી જ હોય છે. મોડાસા એસ.ટી. ડેપોની વડોદરા જતી એસ.ટી. બસ મંગળવારે પ્લેટફોર્મ પર મૂકાતાં દૂરના મુસાફરો એક્સપ્રેસ ભાડું ચૂકવીને બસમાં ગોઠવાઈ તો ગયા પરંતુ ડેપોથી ઉપડેલી એસ.ટી. બસ રસ્તામાં ઓચિંતિ ખોટકાઈ જતાં

મુસાફરોને અન્ય વાહનો શોધવાનો વારો આવ્યો હતો જેમાં નજીકના મુસાફરોને અન્ય એસ.ટી. બસમાં બેસાડવામાં આવ્યાં પરંતુ સીધા વડોદરા જવા માટે બસમાં ગોઠવાયેલા મુસાફરોને બાયડથી પાછા વડોદરા જવા માટે અન્ય એસ.ટી. બસની રાહ જોવાનો વારો આવ્યો હતો. લાંબા રૂટની એસ.ટી. બસ કમાણીની દ્રષ્ટીએ જ દોડાવવામાં આવતી હોય તે રીતે મેન્ટેનન્સ ઉપર ધ્યાન આપવામાં ન આવતાં રસ્તામાં ઉભી થઈ ગયાનું મુસાફરો બોલતા સાંભળવા મળ્યા છે.

હિંમતનગરના ટાવર ચોક વિસ્તારમાં જર્જરીત ઈમારતનો મલબો તૂટી પડતાં અફરા તફરી

સદનસીબે જાનહાની ટળી, મલબો તૂટ્યા પછી પાલિકા તંત્ર દોડતું થયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

હિંમતનગરના ટાવર ચોક વિસ્તારમાં ગત રોજ જર્જરીત ઈમારતનો મલબો તૂટી પડતાં અફરા તફડી મચી હતી. રાહદારીઓ તેમજ વાહન ચાલકોની અવર જવરથી ભરચક રહેતા વિસ્તારમાં જર્જરીત ઈમારત ગમે તે ઘડીએ જોખમી બની શકે તેમ હોવા છતાં પાલિકા તંત્ર દ્વારા નોટિસ આપી સંતોષ માનવામાં આવ્યો હતો પરંતુ મલબો ધરાશાયી થયા બાદ પાલિકા તંત્ર દોડતું થયું છે. ટાવરચોક બજાર વિસ્તારમાં સદનસીબે જાનહાની ટળતાં સૌ કોઈએ રાહત અનુભવી છે પરંતુ જર્જરીત ઈમારત હટાવવામાં નહીં આવે તો આગામી વરસાદમાં મોટું જોખમ ઉભું થઈ શકે છે.

ચોમાસા પૂર્વે શહેરી વિસ્તારોમાં ભયજનક મકાનો, ઈમારતો અને દુકાનો દૂર કરવા માટે સૂચનાઓ આપવામાં આવી હોવા છતાં પાલિકા તંત્ર જોખમી બાંધકામ દૂર કરવામાં નિરસ રહ્યું છે જેના કારણે જાનહાનીની સંભાવના વધી છે. હિંમતનગર પાલિકા વિસ્તારમાં પડવાના વાંકે ઉભી ઈમારતોને નોટિસ આપી સંતોષ તંત્રએ માની લીધો છે જેના કારણે વરસાદ અને વાવાઝોડા સમયે રાહદારીઓ તેમજ વાહન ચાલકોના માથે મોત લટક્યું છે. ગત રોજ ટાવર ચોક વિસ્તારમાં આવેલી એક જર્જરીત ઈમારતનો હિસ્સો ઓચિંતો ધરાશાયી થઈ જતાં આ વિસ્તારમાં નાસભાગ મચી હતી. સદ્નસીબે મલબો તૂટ્યો ત્યારે વાહન કે અન્ય કોઈ રાહદારી પસાર થતું ન હોવાથી મોટી દુર્ઘટના ટળી ગઈ હતી પરંતુ જર્જરીત ઈમારતનું જોખમ હજુ પણ ઉભું છે. વાહનોની અવર જવર તેમજ ખરીદદારોથી ઉભરાતા મુખ્ય ટાવર ચોક વિસ્તારમાં મલબો તૂટતાં સ્થાનિક પાલિકા તંત્ર સફાળું દોડતું થયું છે. કહેવાય છે કે જર્જરીત ઈમારત હટાવવા માટે પાલિકાના સત્તાધિશોએ નોટિસો આપી હતી પરંતુ ત્યારબાદ જોખમ દૂર કરવામાં આવ્યું છે કે કેમ..?? તે જોવાની કોઈએ ફૂરસદ લીધી ન હોવાથી હવે પડવાના વાંકે ઈમારતનો હિસ્સો તૂટવા લાગ્યો છે.

સરડોઈના હોમગાર્ડ જવાનો ૩ મહિનાના વેતનથી વંચિત

કોરોનાકાળમાં ફરજ બજાવવી પણ વેતનનાં ઠેકાણાં નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

મોડાસા તાલુકાના સરડોઈના હોમગાર્ડ જવાનો ૩ મહિનાના વેતનથી વંચિત રહી જતાં ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. કોરોનાના કપરા કાળમાં ફરજ બજાવી હોવા છતાં વેતનનાં કોઈ ઠેકાણાં ન હોવાથી રોષ હોમગાર્ડ જવાનોમાં રોષ જોવા મળી રહ્યો છે. જ્યારે યુનિટ કમાન્ડર સામે ચોક્કસ જવાનોને કાયમી ફરજ સોંપવાથી માંડી અન્ય ગંભીર આક્ષેપોની ઉચ્ચ કક્ષાએ થયેલ ફરિયાદો વચ્ચે ઓચિંતિ નિવૃત્ત લીધી છે ત્યાં હવે જવાનોને વેતન ન મળતાં અનેક તર્કવિતર્ક શરૂ થયા છે.

પોલીસની સાથે હોમગાર્ડ જવાનો સોંપવામાં આવતી તમામ ફરજ નિષ્ઠાપૂર્વક બજાવતા હોય છે પરંતુ સમયસર તેમને વેતન આપવા બાબતે થતી રજૂઆતોને કોઈ સાંભળતું જ નથી જેના કારણે હોમગાર્ડ જવાનો મને ક મને ફરજ બજાવતા હોય છે. કોરોનાના કપરા કાળમાં હોમગાર્ડ જવાનોએ કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ફરજ બજાવેલી છે. ત્યારે મોડાસાના સરડોઈમાં કેટલાક હોમગાર્ડ જવાનોએ પોતાના જીવની પરવા કર્યા વિના નાઈટ પેટ્રોલીંગ ઉપરાંત કોરોનાલક્ષી કામગીરી કરી હોવા છતાં ૩-૩ મહિનાથી તેમને વેતન ચૂકવણું કરવામાં ન આવતાં હાલાકી ઉભી થઈ છે. રજૂઆતો કરવા છતાં હોમગાર્ડ જવાનોને કોઈ સંતોષકારક જવાબ આજદિન સુધી મળ્યો નથી. તેમાંય હોમગાર્ડ યુનિટ કમાન્ડર સામે થયેલ ફરિયાદોમાં તપાસ કરી પગલાં ભરવાને બદલે આશ્ચર્યજનક રીતે ફરજમાંથી તેમની નિવૃત્તિએ અનેક સવાલો ઉભા કર્યા છે.

ધમાચકડી : બાયડમાં ભઈ સાહેબ અને મહિલાના ફોનની અદલા બદલીથી તહલકો મચ્યો

સમાન રીંગટોન અને મોબાઈલ કવરના કારણે અનેક રહસ્યો ખૂલ્યાં..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

બાયડની સરકારી કચેરીઓમાં છેલ્લા કેટલાક સમયથી ભઈ સાહેબોની બોલબાલા રહેલી છે પરંતુ શુક્રવારે જે ઘટના બની તેના કારણે તહલકો મચી ગયો છે. સતત ફોન ઉપર મંડ્યા રહેતા ભઈ સાહેબનો ફોન એક મહિલાના હાથમાં આવી ગયા પછી ૩૫ મીનીટે પરત આવ્યો અને ત્યાર પછી જે તહલકો મચ્યો તે આવનારા દિવસોમાં મોટો ઘટસ્ફોટ કરી શકે છે. સમાન રીંગટોન અને મોબાઈલ કવરના કારણે અનેક રહસ્યો ખૂલી શકે છે. કહેવાય છે કે મહિલા ચકોર હતી અને છેલ્લા કેટલાય સમયથી ભઈ સાહેબની હેરાનગતિનો ભોગ બનતી હતી. પોતાની પાસે ભઈ સાહેબનો મોબાઈલ આવી ગયો છે તે જોયા પછી કેટલાક સ્ક્રીન શોર્ટ લઈ તેમના મોબાઈલમાં સેન્ડ કરી દીધા અને પછી મોબાઈલ ભઈ સાહેબને પરત આપતાં હવે મહાશયની બકરી ડબામાં આવ્યા જેવો ખેલ થયો છે.

બાયડમાં નોકરી કરવી અઘરી છે. અહીં ઘણી બધી હેરાનગતિ છે આવું અનેક અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના ચમચાઓ બોલતા હોય છે પરંતુ તેમને જ બાયડ તાલુકાના લોકોને ખંખેરવામાં કોઈ કચાસ રાખી નથી. હમણાં હમણાંથી એક અધિકારી નિવૃત્ત થયા પછી કચેરીમાં ભઈ સાહેબની બોલબાલા વધી ગઈ છે. આમ તો પરિવારને છોડી દે પરંતુ મોબાઈલ ન છોડે તેવા ભઈ સાહેબ૩ દિવસ અગાઉ જ ભેખળે ભરાઈ ગયા છે. અગત્યનું કામ ચાલતું હોય તો પણ માસૂમના નામથી આવતો મોબાઈલ આવતો એટલે ભઈ સાહેબ પોતાની કચેરીમાંથી બહાર નિકળી દૂર જતા રહે અને વાતચીત કરતા જેથી પોતાના અગત્યના કામ માટે વારંવાર આવતી મહિલાને ભઈ સાહેબનો આવો વર્તાવ ગળે ઉતરતો ન હતો. જોગાનું જોગ કે પછી ઈરાદાપૂર્વક મહિલાએ સમાન રીંગટોન અને મોબાઈલ કવર પછી ખેલ પાડ્યો હોય કે શરતચૂક થઈ ગઈ હોય તેમ મોબાઈલ બદલાઈ ગયો અને ભઈ સાહેબના હાથ અને પગમાં એવું જોર આવી ગયું કે ૪-૬ મહિનાથી ટલ્લે ચઢેલું કામ ઉભા ઉભા જ પુરૂ કરી દીધું. કહેવાય છે કે ભઈ સાહેબો માટે આવા મોબાઈલના રહસ્યો કેટલાય લોકોનાં અઘરાં કામ આસાન કરી દીધા છે.

અરવલ્લીમાં જીલ્લામાં બે ઓગસ્ટથી "સુગમ સંગીત, લગ્નગીત, શાસ્ત્રીય સંગીત, લોકગીત"ની સ્પર્ધા યોજાશે

સ્પર્ધામાં ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ તથા ૨૧ થી ૫૯ વર્ષ સુધીના તેમજ ૬૦ વર્ષથી ઉપરના ઓપન વયજુથમાં ભાગ લઇ શકશે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા.૦૧ ઓક્ટોમ્બર ૨૦૨૦ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરીક સશક્ત બનાવવાના હેતુથી વર્તમાન સમયમાં મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી સરકાર દ્વારા "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" ના અભિયાનની નવતર પહેલ કરી છે.

સરકાર દ્વારા ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરીક સશક્ત બનાવવાના હેતુથી મોબાઇલ "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ"ની યોજના શરૂ કરાઈ : રાજ્યકક્ષાની સ્પર્ધા ૨૭ ઓગસ્ટના રોજ યોજાશે

વર્તમાન સમયમાં ચાલી રહેલી કોરોનાની મહામારીના વિષમ સંજોગોમા ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ તથા વિડીયો ગેઈમ્સ જેવી પ્રવુતિઓમાં અત્યંત કિમતી સમય વેડફતા યુવાધનની હકારાત્મક રીતે ક્રીયાશીલ કરવા રમતગમતની પ્રવુતિઓ તરફ આકર્શીત કરવા એ સમયની તાતી જરુરીયાત છે. જેમાં યુવાધનનો શારીરીક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારશ્રી વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" ની નવી યોજના મંજુર કરેલ છે જેમાં આ યોજનાનું મોબાઈલ ટુ સ્પોર્ટ્સ ફેસબુક પેજ, યુ-ટ્યુબ ચેનલ, રેડીયો ક્વીઝ, ચિત્ર સ્પર્ધા, ટેલીવીઝન તેમજ સોશીયલ મીડીયા સબંધીત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો,ઓડીયો/વિડીયો ક્લીપ રજુ કરી યુવાનોને રમતગમતની પ્રવુતિઓ માટે પ્રેરણાસહ આકર્ષીત કરવામાં આવશે.

જે અંતર્ગત આ હેતુને સુચારૂ પાર પાડવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ હસ્તકની કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓની કચેરી,ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અરવલ્લી દ્વારા સંયુક્ત રીતે "ગાયન (સુગમ સંગીત, લગ્નગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દૂસ્તાની), લોકગીત/ભજન સ્પર્ધા") નુંઆયોજન કરેલ છે. જેમાં જુદાજુદા વયજુથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે. જેમાં ૬ થી ૧૪ વર્ષ સુધીના, ૧૫ થી ૨૦ વર્ષ સુધીના, ૨૧ થી ૫૯ વર્ષ સુધીના તેમજ ૬૦ વર્ષથી ઉપરના ઓપન વયજુથમાં ભાગ લઈ શકશે.

આ સ્પર્ધાની વિડીયો ક્લીપ તૈયાર કરી ૧૯ઓગસ્ટથી ૨૦૨૧ બપોરના કલાક ૧૨ વાગ્યા સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી અરવલ્લી, બ્લોક નં.એ.એસ. ૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા. અરવલ્લી પીન.૩૮૩૩૧૫ E-Mail ID -dsoaravalli05@gmail.com પર મોકલવાનું રહેશે.જેમાં જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૧૦૦૦,દ્રીતીય વિજેતાને રૂ.૭૫૦ તેમજ તૃતિય વિજેતાને રૂ.૫૦૦નું ઈનામ આપવામાં આવશે ત્યારબાદ રાજ્યકક્ષાની ગાયન સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. જેમાં પ્રથમ વિજેતાને રૂ.૨૫૦૦૦/- દ્રીતિય વિજેતાને રૂ.૧૫૦૦૦ અને તૃતિય વિજેતાને રૂ.૧૦૦૦૦ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫૦૦૦ (પ્રત્યેકને) આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

આ અંગેની વધુ માહીતી "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sports તેમજ યુ ટ્યુબ ચેનલની લિંક http://www. youtube.com/channel/UCzsjROvtHpN4rkensUaz-g પરથી મળી શકશે. "ગાયન(સુગમ સંગીત, લગ્નગીત,શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દૂસ્તાની), લોકગીત/ભજન")ની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં સ્પર્ધકે પોતાનું નામ, સરનામુ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી, સ્કુલનું નામ અને સરનામું વગેરે બાબતોનો વિડીયો ક્લીપમાં ઉલ્લેખ કરવાનો રહેશે. વિડીયો ક્લિપ સાથે આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ તથા પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ જીલ્લા રમતગમત કચેરીએ મોકલવાની રહેશે.

અરવલ્લી જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં મહેસૂલી અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ

પ્રજાને સતત તેમના હિત માટે મદદરૂપ થાય તેવું સાચું અને સચોટ માર્ગદર્શન પૂરું પાડવું : નરેન્દ્રકુમાર મીના

બાયડ તા.૨૦

અરવલ્લી જીલ્લાના કલેકટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામા તથા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં મહેસૂલી અધિકારીશ્રીઓની સમીક્ષા બેઠક યોજાઈ. જે અંતર્ગત જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ કામોની સમીક્ષા કરતા જણાવ્યું કે, જીલ્લાના ગરીબ પ્રજાને હમેશા સાચું અને સચોટ માર્ગદર્શન પૂરું પાડવું, તેમનાં દરેક કામમાં ક્યારેય અડચણ રૂપ થવું ન જોઈએ. તેમના દરેક કાર્યો ઝડપથી પૂર્ણ કરવા અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું કે, દરેક કામોની અમલવારી ઝડપથી થવી જોઈએ, વર્ષની શરૂઆતમાં જેટલા બાકી રહેલા કામોની કાચી નોંધો નિકાલ કરવો, અરવલ્લી જીલ્લાનાં તમામ તાલુકાઓમાં બાકી રહેલ કામોનો ઝડપથી

નિકાલ કરવો, મહેસૂલ તથા બાકી રહેલ કામો પૂર્ણ કરવા જણાવ્યું.

સાથે આ સમીક્ષા બેઠકમાં ૪૦ થી વધારે મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી જેમાં, ગત માસ સુધીમાં મળેલ નવા કામીજાસ્તી પત્રકોની સંખ્યાની, ગામ દફતર અમલ કરાવેલી કમી જાસ્તી પત્રકોની સંખ્યાની, જમીન સંપાદન, બિનખેતી, સરકારી ખર્ચે માપણીની, સરકારી ખર્ચે ગામતળ નીમ, બિનખેતી હુકમો, કુવા માટે નીમ થયેલા હુકમોની ચકાસણી તથા માપણી ઉપર બાકી રહેલ કામોને ઝડપથી પૂર્ણ કરવા.

ત્યાર બાદ ઈ-ધરા કેન્દ્રો ખાતે નિકાલ કરેલ કામોની ચકાસણી કરી, તકરારી હક્કપત્રક નોંધો નિકાલ કેસોની ચકાસણી કરી, બિન ખેતી પરવાનગી અંગેના અરજીના નિકાલની ચકાસણી કરી જરૂરી સુચનો કર્યા.

આ બેઠકમાં અરવલ્લી જીલ્લાના નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડ્યુટી, પ્રાંત અધિકારીશ્રી બાયડ, નાયબ મામલતદારશ્રી મોડાસા, નાયબ મામલતદારશ્રી ભીલોડા, નાયબ મામલતદારશ્રી બાયડ, નાયબ મામલતદારશ્રી ધનસુરા, નાયબ મામલતદારશ્રી માલપુર, નાયબ મામલતદારશ્રી મેઘરજ તથા મહેસૂલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મેઘરજ : સોશ્યલ મીડિયામાં ધાર્મીક લાગણી દુભાય તેવી પોસ્ટથી બે કોમ વચ્ચે જૂથ અથડામણ

સમાજમાં કેટલાક નવરા બેઠેલા નખોદીયાઓ તેમજ કટ્ટરવાદીઓ દ્વારા સમાજની શાંતિને ડહોળવાનો પ્રયાસ કરી સોશ્યલ મીડીયા ઉપર કુપ્રચાર કરીને સમાજમાં હિંસા ભડકાવવાના પ્રયાસો કરવામાં આવતા હોય છે. કેટલાક અસામાજીક તત્ત્વો અને નવરાં નખોદીયાઓ દ્વારા સોશ્યલ મીડીયામાં જાત-જાતની પોસ્ટો મુકી સમાજમાં રાજકારણ તેમજ ધર્મના નામે સમાજના લોકોને ગેરમાર્ગે દોરી વિકૃતિ ફેલાવવામાં આવે છે.મેઘરજ નગરમાં સોશ્યલ મીડિયામાં ધાર્મીક લાગણી દુભાયાની પોસ્ટ એક યુવકે મુક્યા પછી રવિવારે મામલો વધુ ઉગ્ર બનતા બે કોમના લોકો સામસામે આવી ગયા હતા પથ્થરમારો, સોડાની બોટલો અને લાકડીઓ, લોખંડની પાઈપો ઉછળી હતી જેમાં ૫ થી વધુ યુવાનો ઈજાગ્રસ્ત થયા હતા.